**આંક–**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૪/૦૫/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૧૪/૦૫/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૦૬ / ૧૨ / ૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

## મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એફ. એ. સિન્ધી સાહેબ સમક્ષ

**રેફરન્સ (LCN) નંબર : ૨૬/૨૦૧૮**

પ્રથમ પક્ષકારો : (૧) રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી,
રેન્જ ફોરેસ્ટની કચેરી, મુ.માતર,
જી.ખેડા.
(૨) નાયબ વન સંરક્ષકશ્રી,
સામાજીક વનીકરણ વિભાગ, ત્રીજો માળ,
સરદાર પટેલ ભવન, નડીઆદ.
જી.ખેડા.

**વિ રૂ દ્ધ**

બીજા પક્ષકાર : મોતીભાઈ ખોડાભાઈ વાઘેલા,
રહે.મુ.વણસર, તા.માતર,
જી.ખેડા.

હાજર રહયા : પ્રથમ પક્ષકારો તરફે વિ.એ.જી.પી.શ્રી એમ.વી.દવે
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી એસ.કે.રાણા

**: <u>એવોર્ડ</u> :**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકારો અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળાઓ**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદ સમક્ષ તે અંગેનો ઔદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહું વિવાદનું સમાધાન નહી થતાં ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦(૧) મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદે તેઓના પત્ર ક્રમાંક ૧૭૬૯, તા.૨૬/૪/૨૦૧૮ ધ્વારા અત્રેની કોર્ટને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારું સુપ્રત કરેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

''**શ્રી મોતીભાઈ ખોડાભાઈ વાઘેલાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**''

(૩) અરજદારે આ કામે આંક–૬ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળી સંસ્થામાં ૧૭ વર્ષથી માળી તરીકે નોકરીમાં જોડાયા હતા અને કામે રાખતી વખતે કોઈ લેખિત હુકમ આપેલો નહી. છેલ્લે અરજદારને દૈનીક રૂા.૨૯૬/– લેખે માસીક પગાર આપવામાં આવતો હતો અને તેઓ કાયમી કર્મચારી હતા. તેઓએ વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલી છે. આ કામના સામાવાળાએ તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કે ખાતાકીય તપાસ કર્યા સિવાય, મળવાપાત્ર અન્ય લાભો આપ્યા સિવાય, અરજદારે કોરા કાગળ અને ફોર્મમાં સહીઓ નહી કરતા, મૌખીક હુકમથી છુટા

કરેલા. જેથી તેઓએ અવાર–નવાર નોકરીએ લેવા માટે રજુઆત કરવા છતાં તેઓને નોકરીએ રાખ્યા નહી તેથી તેઓએ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ હાલની ફરીયાદ કરેલી. વધુમાં જણાવેલ છે કે, તેઓએ નોકરીમાંથી છુટા કરતા બીજી જગ્યાએ નોકરી મેળવવા ઘણાં પ્રયત્નો કરેલા. પરંતુ તેઓને નોકરી મળેલી નહી. જેથી સામાવાળાએ તેઓને તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ થી છુટા કરેલા છે તે પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી છે તેમ ઠરાવી, અરજદારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત (લઘુતમ વેતન ધારા મુજબ) સળંગ નોકરી સાથે તમામ મળવાપાત્ર અન્ય લાભો સહીત મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા અરજી ખર્ચના રૂા.૧૫,૦૦૦/– અપાવવા દાદ માંગેલ છે.

(૪) આ કામમાં સામાવાળા તરફેથી આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, સામાવાળી સંસ્થામાં માળીની કોઈ જગ્યા મંજુર થયેલી જ ન હોય અરજદાર નોકરીમાં જોડાયેલા હોવાની કે તેઓને આવો હુકમ આપેલ નહી હોવાની હકીકત ખરી નથી. અરજદારને જયારે જરૂર પડે ત્યારે સીઝનલ નર્સરીની કામગીરીમાં દૈનીક વેતન દરના મજુર તરીકે કામ પર બોલાવવામાં આવતા હતા. અરજદાર પાસે કયારેય ઓવરટાઈમ કામ લેવામાં આવેલું ન હોય, તેઓને ઓવરટાઈમનો ડબલ પગાર આપવાનો પ્રશ્ન રહેતો નથી. અરજદારે એક પણ વર્ષમાં ૨૪૦ કે તેથી વધુ દિવસ કામગીરી કરેલી નથી અને અરજદારને દૈનીક મજુર તરીકે બોલાવવામાં આવતા હોય તેઓની કામગીરીને નિયમિત ફરજ ગણી શકાય નહી અને તેથી તેઓને કોઈ નોટીસ કે ઠપકો આપવાનો રહેતો નથી. અરજદાર સામાવાળી સંસ્થાના કાયમી કર્મચારી ન હોય તેઓને છુટા કરતા પહેલા નોટીસ આપવાની કે ખાતાકીય તપાસ કરવાની કે બચાવની તક આપવાની કોઈ જરૂરીયાત રહેતી નથી. વધુમાં જણાવેલ છે કે, હાલમાં સામાવાળી સંસ્થામાં અરજદાર કરતા

હતા તેવી કોઈ કામગીરી ઉપલબ્ધ નથી અને જયારે પણ કામગીરી ઉપલબ્ધ થશે ત્યારે જરૂરીયાત મુજબ તેઓને કામ પર બોલવવામાં આવશે. વધુમાં જણાવેલ છે કે, નામ. સુપ્રિમ કોર્ટે એસ.એલ.પી. નં.૧૩૬૧૯–૨૦/૨૦૧૨, તા.૯/૭/૨૦૧૩ ના કામે કરેલ હુકમ મુજબ વન વિભાગ ધ્વારા તા.૧૫/૯/૨૦૧૪ ના રોજ ઠરાવ બહાર પાડી સમગ્ર ગુજરાત રાજયના વન વિભાગમાં કામગીરી કરતા રોજમદાર મજુરોની કામગીરીનું રેકર્ડ ચકાસી તેમને હુકમ મુજબ તમામ લાભો આપવામાં આવેલા છે. હાલના અરજદારનો કેસ પણ જે તે સમયે ચકાસવામાં આવેલોછે અને હાલના અરજદાર આ ચુકાદા મુજબ કોઈ પણ પ્રકારના લાભ મેળવવા હકકદાર ન હોય તેમને લાભો આપવામાં આવેલા નથી. જેથી અરજદારનો રેફરન્સ કેસ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામમાં અરજદાર તરફથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.

**–::મૌખીક પુરાવો::–**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧. | અરજદારનું સોગંદનામું | ૧૮ |
| ૨. | અરજદાર તરફે સાહેદ રમેશભાઈ શનાભાઈ બારૈયાનું સોગંદનામું | ૨૦ |

**–::દસ્તાવેજી પુરાવો::–**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧. | સામાવાળાઓને મોકલી આપેલ એપ્રોચ લેટર તથા માંગણાનું નિવેદન | ૭/૧ |
| ૨. | એકનોલેજમેન્ટ રીસીપ્ટ | ૭/૨ અને ૭/૩ |

અરજદાર તરફેથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલો નથી અને અરજદારે આંક–૨૧ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૬) આ કામમાં સામાવાળા તરફથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.

## –::મૌખીક પુરાવો::–

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧. | સામાવાળાના સાહેદ ભાવનાબેન ખોડાભાઈ ભરવાડ, ઈ.ચા. આર.એફ.ઓ. | ૨૨ |

## –::દસ્તાવેજી પુરાવો::–

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧. | અરજદારે કરેલ કામગીરીની હાજરીની વિગતો | ૨૪ |
| ૨. | અરજદારનું રોજમદાર તરીકેનું માહીતીપત્રક | ૧૪/૨ |
| ૩. | અરજદારનું માહીતીપત્રક, વર્ષવાર કામના દિવસ તથા તેની કેશબુકની માહીતી પત્રક પાના નં.૧ થી ૧૨૮ | ૨૬/૧ |

આ સિવાય સામાવાળા તરફે કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલો નથી અને આંક–૨૭ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૭) આ કામે પક્ષકારો તરફે મૌખીક દલીલો કરવામાં આવેલી છે. જે સાંભળ વામાં આવેલ છે અને તે દલીલોની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે. પક્ષકારો તરફે કોઈ જ ઓથોરીટીસ રજુ થયેલી નથી.

(૮) ઉપરોકત ઐાદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ પડેલ પુરાવા તથા પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## –::મુદૃાઓ::–

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શું હુકમ ?

**– : : નિષ્કર્ષ : : –**

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં. અરજદાર પુન:સ્થાપિત તથા પડેલ દિવસોના પગારને બદલે ઉચ્ચક વળતર મેળવવા હકકદાર બને છે.

(૩) આખરી હુકમ મુજબ.

**– : : પરામર્શ : : –**

***મુદ્દા નં.(૧) અને નં.(૨) :–***

આ કામે મુદ્દા નં.(૧) અને નં.(૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ તબકકે ઔ. વિ. ધારાની કલમ–ર (એસ) કે જેમાં કામદારની વ્યાખ્યા આપેલ છે. જે લક્ષમાં લેવી જરૂરી છે. અરજદારના કથન પ્રમાણે ૧૭ વર્ષથી માળી તરીકે સામાવાળી સંસ્થામાં કામ કરતા હતા. વધુમાં તેઓનું કથન છે કે, તેઓને નોકરી અંગેના આધારો જેવા કે, હાજરીકાર્ડ, પગારસ્લીપ વિગેરે આપવામાં આવતા નહી. આ મુજબ તેઓએ પોતાની જુબાની આંક– ૧૮ માં પણ જણાવેલું છે. સામાવાળાના પોતાના જવાબમાં જણાવે છે કે અરજદારને જયારે જરુર પડે ત્યારે સીઝનલ નર્સરી માટે દૈનિક વેતન દરથી જરૂરીયાત મુજબ કામ પર બોલાવવામાં આવતા હતા. આમ બંને પક્ષોના પક્ષ નિવેદન જોવામાં આવે તો, અરજદાર સામાવાળી સંસ્થામાં નર્સરીની સાચવણીની કામગીરી કરતા હતા તેવું પુરવાર થાય છે. આમ

અરજદાર જે કામગીરી કરતા હતા તે અનસ્કલીડ એટલે બીનકસબી પ્રકારની હોઈ, અરજદારનો સમાવેશ કલમ–ર(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં થાય છે. વધુમાં કલમ–ર(એસ) ની વ્યાખ્યામાં કામદારોનું વર્ગીકરણ હંગામી, રોજમદાર, કે કાયમી તરીકે કરવામાં આવેલ નથી. ત્યારે આ કામના અરજદાર તે કલમ–ર(એસ) મુજબ સામાવાળાના કામદાર હોવાનું પુરવાર થાય છે.

(૯) ત્યારબાદ અરજદારએ આઈ.ડી. એકટની કલમ–રપ(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

હાલના કેસમાં અરજદારે સળંગ નોકરી કરેલ છે કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવે તો, અરજદારના કથન મુજબ તેઓ ૧૭ વર્ષથી સામાવાળી સંસ્થામાં જોડાયેલા હતા અને તેઓને તા. ૧૫ / ૦૭ / ૧૭ ના રોજ મૌખીક હુકમથી છુટા કરેલા હતા. તેમજ તેઓએ વર્ષમાં ર૪૦ દિવસ ઉપરાંત ફરજ બજાવેલ હોવાનું કથન કરેલ છે.આ કામમાં સામાવાળાએ તેમના લેખિત જવાબમાં અરજદારને માત્ર સીઝનલ કામ માટે જરુરીયાત હોઈ ત્યારે દૈનિક વેતન દરે છુટક મજુર તરીકે કામ પર બોલાવવામાં આવતા હતા. સદર કામે સામાવાળા તરફે આંક – ર૪ થી માર્ક–૧૪ / ૧ અરજદારની કામગીરી અંગેનું હાજરી પત્રક વર્ષ મુજબ રજુ કરેલ છે. તથા માર્ક–૧૪ / ૨ માં હાજરી ની વિગતનુ માહિતી પત્રક માસ પ્રમાણે રજુ કરેલ છે. વધુમાં સામાવાળા દવારા આંક – ર૬ થી માર્ક– ર૬ / ૧ માં અરજદાર રોજમદારનુ માહિતી પત્રક તથા વર્ષ પ્રમાણે કામના દિવસો તથા તેની કેશ બુકની માહિતી પત્રક કુલ પાનં ૧ થી ૧ર૮ રજુ કરેલ છે.

સામાવાળા તરફેથી રજુ થયેલ આ પત્રક અને કેશબુકની ઝેરોક્ષ ધ્યાને લેવામાં આવે તો, અરજદાર સને ર૦૦૦ થી નોકરીમાંથી જોડાયેલ હોવાનું અને ત્યારથી સને ર૦૧૪ સુધી કામગીરી કરેલ હોવાનું જણાય આવે છે.

સામાવાળા તરફે આંક – ૨૪ થી માર્ક–૧૪ / ૧ અરજદારની કામગીરી અંગેનું હાજરી પત્રક વર્ષ મુજબ રજુ કરેલ છે. સદર દસ્તાવેજ વંચાણે લેતા હાલના અરજદાર તા. ૦૧ / ૦૮ / ૨૦૦૧ ના રોજ કામ પર જોડાયા હોય તે બાબતનો પુરાવો રજુ કરેલ છે. વધુમાં કામના દિવસોની સંખ્યામાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી અરજદારના કામના દિવસો શુન્ય બતાવેલ છે. તથા વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૪ સુધી અરજદારે કામના દિવસો બતાવવામાં આવેલ છે. જેમા સને ૨૦૧૨ માં હાલના અરજદારે ૨૮૧ દિવસ કામ કરેલ છે. જયારે સામાવાળાનુ કથન એવુ છે અરજદારે એક પણ વર્ષમાં ૨૪૦ કે તેથી વધુ દિવસ કામગીરી કરેલ નથી. જેથી સામાવાળાનુ કથન તથા સામાવાળા દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેઝી પુરાવામાં વિરોધા ભાસ જણાઇ આવે છે. વધુમાં સામાવાળા તરફે આંક – ૨૪ થી માર્ક–૧૪ / ૧ અરજદારની કામગીરી અંગેનું હાજરી પત્રક વર્ષ મુજબ રજુ કરેલ છે. તેમાં સને ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી કામના દિવસો શુન્ય બતાવેલ છે. પરતુ સામાવાળા તરફે આંક – ૨૬ થી માર્ક– ૨૬ / ૧ થી અરજદાર રોજમદારનુ માહિતી પત્રક તથા વર્ષ પ્રમાણે કામના દિવસો તથા તેની કેશ બુકની માહિતી પત્રક કુલ પાના નં ૧ થી ૧૨૮ રજુ કરેલ છે તે દસ્તાવેજ વંચાણે લેતા તેમા અરજદારે તે વર્ષમાં કામ કરેલ છે તથા તેના કામ પ્રમાણે અરજદારને રકમ ની ચુકવણી કરેલ છે. જેથી સામાવાળા તરફે રજુ કરેલ આંક – ૨૪ તથા આંક – ૨૬ વાળા દસ્તાવેજ જોતા અૃરજદારના કામના દિવસમાં વિરોધા ભાસ જણાઇ આવે છે.

હાલના અરજદાર સામાવાળાને ત્યાં માળીની ફરજ બજાવતા હતા તે મુજબનુ કથન કરેલ છે. જયારે સામાવાળા તરફ થી એવો બચાવ રજુ કરેલ છે કે તેમના ખાતામાં માળી ની પોસ્ટ નથી પરતુ સદર કામે માળીની પોસ્ટ ન હોય તે બાબતનો કોઇ દસ્તાવેજી પુરાવો સામાવાળા તરફે રજુ કરેલ નથી.

આમ ઉપરોકત વિગતે જે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ છે તે ઘ્યાને લેવામાં આવે તો, અરજદારે વર્ષ ૨૦૦૧ થી સામાવાળી સંસ્થામાં નોકરી શરૂ

કરેલ હોવાનું પુરવાર થાય છે તેમજ તેઓએ છેલ્લે વર્ષ ૨૦૧૪ સુધી કામગીરી કરેલ હોવાનું પણ રેકર્ડ ઉપર પુરવાર થાય છે. તથા સને ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી નુ કોઇ દસ્તાવેજી પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી. તે સંજોગોમાં કલમ–૨૫ (બી)(૧)ની જોગવાઈ વંચાણે લેતા અરજદારે વર્ષ ૨૦૦૧ થી તા.૧૫/૭/૨૦૧૭ સુધી સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

જેથી ઉપરોકત અરજદારપક્ષનો પુરાવો તથા સામાવાળાની વર્તણુંકને ધ્યાને લેતાં, અરજદાર સામાવાળાને ત્યાં સને– ૨૦૦૧ થી તા.૧૫/૭/૨૦૧૭ સુધી રોજમદાર તરીકે કામ કરતા હતા તેમ માનવાને કારણ રહે છે.

સામાવાળાનું વિશેષમાં કથન અને રજુઆત એવી છે કે, તેઓની કામગીરી સીઝનલ પ્રકારની હોય, સતત અને સળંગ રીતે કામગીરી થતી નથી. પરંતુ આ કથન અને રજુઆત ટકી શકતી નથી. કારણ કે, સામાવાળા સરકારી વિભાગને સીઝનલ ઉદ્યોગ તરીકે સરકારશ્રીએ જાહેર કરેલા હોય તેવું કોઈ જાહેરનામું અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલું નથી.

આમ સમગ્ર રીતે જોઈએ તો, અરજદારે સામાવાળાને ત્યાં છેલ્લાં ૧૨ માસના સમયગાળા દરમ્યાન ૨૪૦ દિવસ કે તેથી વધુ સમય માટે કામગીરી કરેલી છે.

(૧૦) હવે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલા કે કેમ તે હકીકત સાબીત થાય છે કે કેમ ? તે અંગે વિચારવાનું રહે. છટણી કોને કહેવાય તે અંગેની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં આપવામાં આવેલી છે. જો ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(એફ), ૨૫(જી) અને ૨૫(એચ) નો ભંગ થાય તો તેનો લાભ અરજદારને મળતો હોય છે.

પ્રસ્તુત કેસમાં અરજદારનું કથન એવું છે કે, તા. ૧૫ / ૦૭ /૨૦૧૭

ના રોજ મૌખીક હુકમથી નોકરી ઉપર છુટા કરી દિધેલા. સામાવાળાનો બચાવ માત્ર એવો જ રહેલો છે કે અરજદારને સીઝનલ કામગીરી માટે બોલાવતા હોવાની હકીકતનો બચાવ મુકેલો હોય, પરતુ અરજદાર સામાવાળાને ત્યાં કામ કરતા હતા તે મુજબનો પુરાવો રજુ થયેલ હોય તે મુજબ ઠરાવેલું હોય ત્યારે અરજદારને છુટા કરતી વખતે કલમ–૨૫(એફ) નું પાલન કરવામાં આવેલું હોય તેવું રેકર્ડ ઉપરથી જણાતું નથી. અરજદારને છુટા કરતી વખતે કોઈ નોટીસ આપેલી હોઈ કે ખાતાકીય કાર્યવાહી કરી છુટા કરેલા હોઈ અથવા તો નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલું હોય તેવું રેકર્ડ ઉપરથી જણાતું નથી. જેથી અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલાનું ઠરાવવામાં આવે છે.જેથી મુદ્દા નં.(૧) નો જવાબ "**હકાર**" માં ઠરાવવામાં આવે છે.

(૧૧) હવે અરજદારને પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવાની અથવા ઉચ્ચક વળતર અંગેની દાદ મળવાપાત્ર છે કે કેમ તેની ચર્ચા કરવાની થાય છે.

સામાન્ય રીતે જયારે છટણી ગેરકાયદેસરની ઠરે ત્યારે પુન:સ્થાપિત કરવાનો હુકમ થતો હોય છે. પરંતુ પુન:સ્થાપિત કરવાનો હુકમ તે કેસની હકીકત, સંજોગોને ધ્યાને લઈને કરવાનો થાય છે. નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. ગુજરાત હાઈકોર્ટના અનેક ચુકાદાઓથી એ પ્રસ્થાપિત થયેલું છે કે, ગેરકાયદેસ છટણી ઠરે ત્યારે આપો આપ પુન:સ્થાપિત થવા કામદાર હકકદાર ઠરતો નથી. હાલના કેસની હકીકત, સંજોગોને ધ્યાને લેતા નીચે મુજબના ચુકાદાઓને ધ્યાને લેવા ઘટે.

**નામ. સુપ્રિમ કોર્ટે જગબીરસીંગ વિ. હરીયાણા સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીંગ બોર્ડ, ૨૦૦૯(૧૫) એસ.સી.સી., પાના નં.૩૨૭** માં ઠરાવેલ છે કે,........"It would be, thus, seen that by a catena of decisions

in recent time, this Court has clearly laid down that an order of retrenchment passed in violation of Sec. 25F although may be set aside but an award of reinstatement should not, however, be automatically passed. The award of reinstatement with full back wages in a case where the workman has completed 240 days of work in a year preceding the date of termination, particularly, daily-wagers has not been found to be proper by this Court and instead compensation has been awarded. This Court has distinguished between a daily-wager who does not hold a post and a permanent employee." (Para 14)

વળી નામ. સુપ્રિમ કોર્ટે **એ.આઈ.આર., ૨૦૧૪, સુ.કો., બી.એસ.એન.એલ. વિ. ભુરૂમલ**ના ચુકાદામાં પણ ઠરાવેલું છે કે, જો કલમ–૨૫(એફ) ની જોગવાઈઓનો ભંગ કરી, ડેઈલી વેજર્સને છુટા કરવામાં આવેલા હોય તો, આવી છટણીના આધારે આપ મેળે પુન:સ્થાપિત થવા માટે હકકદાર ઠરતા નથી.

**નામ. ગુજરાત હાઈકોર્ટે બાંટવા મ્યુનીસીપાલીટી વિ. નીતાબેન વિનુભાઈ, ૨૦૧૪,(૪), જી.એલ.આર., પાના નં.૩૧૨૯ ના ચુકાદા**માં પેરા–૮ માં કયાં પરીબળો આવા સમયે ધ્યાનમાં લેવાના હોય છે તે દર્શાવેલા છે. જેમાં કામનો પ્રકાર, કેવી રીતે નિમણુંક કરવામાં આવેલી છે તે, કામગીરી કર્યાનો સમયગાળો, વિવાદ ઉત્પન્ન કરવામાં થયેલો વિલંબ, અરજદાર ડેઈલી વેજર્સ હતા કે કાયમી કામદાર હતા તે, છુટા કર્યા બાદ કેટલા સમયે વિવાદ ઉભો કરેલો છે તે તેમજ અન્ય અપવાદરૂપ સંજોગો જેવા કે, જે વિભાગમાં કામ કરતા હોય તે વિભાગ બંધ થઈ ગયેલ હોય અથવા તો ત્યાં કામગીરી નહીવત થઈ ગયેલ હોય વિગેરે પરીબળો ધ્યાને લેવાના રહે છે.

આ તબકકે **તપસકુમાર પાઉલ વિ. બી.એસ.એન.એલ. અને બીજાઓનો ચુકાદો કે જે, ૨૦૧૪, લેબ, આઈ.સી.,પાના નં.૪૪૮૬** ઉપર રીપોર્ટ થયેલ છે તેના પેરા–૫ માં કયાં સંજોગોમાં પુન:સ્થાપિતના બદલે વળતરની દાદ આપવી જોઈએ તેવું જણાવવામાં

આવેલ છે. તેમાં ફેકટરી બંધ થયેલ હોઈ અથવા કામદાર નિવૃત્ત થયેલ હોઈ અથવા તો નિવૃત્તીની ઉંમર નજીક પહોંચેલ હોઈ અથવા કામદાર ફરજ બજાવવા સક્ષમ રહેલ ન હોઈ અથવા તો સંસ્થાનો વિશ્વાસ ગુમાવેલ હોઈ તો તેવા કિસ્સામાં વળતરની દાદ અપાવવી ન્યાયોચિત હોવાનું જણાવેલ છે.

આમ ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખતા પ્રસ્તુત કેસનું મુલ્યાંકન કરીએ તો, અરજદાર ડેઈલી વેજર્સ હતા. અરજદારના કથન પ્રમાણે સને- ૨૦૦૧ થી તા.૧૫/૭ /૨૦૧૭ સુધી ડેઈલી વેજર્સ તરીકે કામ કરતા હતા અને છુટા કર્યાની તારીખ અંગે કોઈ તકરાર ઉઠાવવામાં આવેલ નથી. જેથી અરજદારે ઘણાં લાંબા સમય સુધી કામગીરી કરેલાનું જણાતું નથી. વધુમાં સદર અરજદારનો જન્મ તા.૧ / ૦૧ / ૧૯૬૩ માં થયો હતો તેવુ અરજદાર પોતાની ઉલટ તપાસમાં જણાવેલ હોય વધુમાં સામાવાળા તરફે અરજદારની જન્મ તારીખ બાબતે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ ન હોય જેથી અરજદારની જન્મ તા. ૧ / ૦૧ / ૧૯૬૩ માનવામાં આવે છે. વધુમાં અરજદારની ઉમર હાલ ગણતરી કરતા ૫૮ વર્ષ પુર્ણ કરેલ હોય . વધુમાં અરજદારને છુટા કર્યા તારીખે ઉમરની ગણતરી કરતા ૫૪ વર્ષ ૬ માસ તથા ૧૪ દિવસ થતા હોય જેથી તેમને નિવ્રુતિ સમય કરતા ૪ વર્ષ અગાઉ છુટા કર્યાનુ રેકર્ટ પર થી જણાઇ આવે છે.

વધુમાં ઉપરોકત ચુકાદાઓને નજર સમક્ષ રાખતા અરજદારને પુન:સ્થાપિતના બદલે અરજદારને ઉચ્ચક વળતર અપાવવાનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ છે. જેથી હાલના કામે અરજદાર પડેલ દિવસોના પગાર તથા પુન:સ્થાપિતની દાદના બદલે ઉચ્ચક વળતર અપાવવું ન્યાયોચિત જણાય છે.

જેથી અરજદારે કરેલ કામગીરીનો સમયગાળો, તેમની ઉંમર, કામનો પ્રકાર, છેલ્લો માસીક પગાર વિગેરે તમામ સંજોગો અને પરિબળો જોતા

અરજદારને પુન:સ્થાપનના બદલે **રૂા. ૭૦,૦૦૦/–** વળતર પેટે, અપાવવા ન્યાયોચિત જણાય છે. જેથી મુદ્દા નં.(૨) નો જવાબ તે રીતે આપવામાં આવેલો છે.

(૧૨) અત્રે એ નોંધવું જરૂરી બને છે કે, અત્રે જે વળતરની રકમનો હુકમ કરવામાં આવેલ છે તે હાલના સંજોગો તથા નાણાંકીય મુલ્યાં કનને ધ્યાને રાખીને કરવામાં આવેલ છે. ત્યારે આ રકમ અરજદારને નિયત સમય મર્યાદામાં મળી જવી જરૂરી છે અને જો તે સમયમાં તે તેઓને ન મળે તો ન્યાયનો હેતુ માર્યો જાય તેમ છે અને ખરેખર જે સમયે અરજદારને તે રકમ મળે ત્યારે તેનું નાણાંકીય મુલ્યાંકન ઘણું જ ઘટી ગયું હોઈ. આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટમાં ચાલેલ સીવીલ અપીલ નં.૮૪૧૫/૨૦૦૯ ના કામમાં તા.૩૧/૧/૨૦૧૩ ના રોજ ***Asst. Engineer, Rajasthan Dev. Corp. & ors. v/s Gitam Singh*** ના કેસમાં કામદારને પુન:સ્થાપિત કરવાના બદલે રૂા.૫૦,૦૦૦/– વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવેલો. વધુમાં આ રકમ હુકમ થયાના છ અઠવાડીયામાં અરજદારને ચુકવી આપવાનો હુકમ પણ કરવામાં આવેલો અને જો તે સમયગાળામાં આ વળતરની રકમ ચુકવી આપવામાં ન આવે તો સામાવાળાને તેના ઉપર રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯% લેખે વ્યાજની રકમ ચુકવવાનો પણ હુકમ કરવામાં આવેલો. ત્યારે હાલના કેસમાં પણ આ રીતે વ્યાજનો હુકમ કરવાથી સમગ્ર ન્યાયનું હિત જળવાય તેમ છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશત: મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદારને પુન:સ્થાપિત અને પડેલા

દિવસોના પગાર અંગેની દાદના બદલે સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે **રૂા. ૭૦,૦૦૦/– (અંકે રૂપિયા સીતેર હજાર પુરા) ઉચ્ચક વળતર** પેટે અપાવવાનું ઠરાવવામાં આવે છે.

સામાવાળાઓએ વળતરની રકમ ચુકવવાની કાર્યવાહી આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન–૬૦ માં પુર્ણ કરવી. અન્યથા ત્યારબાદ એટલે કે, હુકમ પ્રસિધ્ધ થયાના દિન–૬૦ બાદ, તે રકમ ઉપર અરજદાર રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯% ના સાદા વ્યાજ મુજબની રકમ પણ વસુલ મેળવવા હકકદાર રહેશે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિન્ધી)**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, નડીઆદ.
**GJ01151**

તારીખ : ૦૬ / ૧૨ / ૨૦૨૨
નડીઆદ.